KAISER PERMANENTE

# તબીબી નાણાકીય સહાયતા નીતિનો સાર

Kaiser Permanenteનો તબીબી સહાયતા કાર્યક્રમ (Medical Financial Assistance, MFA) લાયક દર્દીઓ માટે નાણાકીય સહાયતા પૂરી પાડે છે જેમને પોતે Kaiser Permanente સુવિધામાં મેળવતા અથવા Kaiser Permanente પ્રદાતા દ્વારા તેઓ જે કટોકટી અથવા તબીબી રીતે જરૂરી સંભાળ મેળવે છે તેના માટે ચૂકવણી કરવામાં મદદની જરૂર હોય. દર્દીઓ રૂબરૂમાં, ફોનથી અથવા કાગળ પર અરજી કરવા સહિતની ઘણી રીતોથી MFA કાર્યક્રમ માટે અરજી કરી શકે છે. લાયક થવા માટે દર્દીઓએ નીચેની લાયકાતની જરૂરિયાતો પૂરી કરવાની રહેશે.

**નાણાકીય સહાયતા માટે કોણ લાયક છે અને તેની જરૂરિયાતો શું છે?**

કાર્યક્રમ ઓછી આવક ધરાવતા, વીમા વગરના અથવા ગેરલાયક દર્દીઓને મદદ કરે છે જેમને તેમની તબીબી સંભાળના પૂરા કે અમુક હિસ્સા માટે ચૂકવણી કરવામાં મદદની જરૂર હોય. સામાન્ય રીતે, દર્દીઓની કુલ ઘરગથ્થુ આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓ (Federal Poverty Guidelines, FPG)ના 350% પર અથવા તેનાથી નીચે હોય અથવા તેઓ અસામાન્યપણે ઊંચો તબીબી ખર્ચ ધરાવતા હોય ત્યારે તેઓ નાણાકીય સહાયતા માટે લાયક હોય છે. યોગ્યતા નક્કી કરવા અને અરજી કરવામાં મદદ માટે દર્દીઓએ નાણાકીય માર્ગદર્શક સાથે વાત કરવી જોઈએ.

*જેઓ તબીબી નાણાકીય સહાયતા માટે લાયક હોય તેવા દર્દીઓ પાસેથી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમો (amounts generally billed, AGB)થી વધારે ચાર્જ લેવામાં આવતો નથી. AGBની માહિતી માટે* kp.org/mfa/scal *જુઓ.*

**શું Kaiser Permanente સરકારી અને ખાનગી કાર્યક્રમની યોગ્યતા માટે દર્દીઓની તપાસ કરે છે?**

Kaiser Permanente દર્દીઓને સંભવિત સરકારી અને ખાનગી કાર્યક્રમો ઓળખવામાં મદદ કરે છે જેનાથી તેમની સ્વાસ્થ્ય સંભાળ પહોંચની જરૂરિયાતોમાં મદદ મળી શકે છે. કોઈપણ સરકારી અથવા ખાનગી સ્વાસ્થ્ય કવરેજ કાર્યક્રમ માટે લાયક ગણાતા કોઈપણ દર્દી આ કાર્યક્રમો માટે અરજી કરે તે જરૂરી છે.

**કાર્યક્રમ શું આવરી લે છે?**

તબીબી નાણાકીય સહાયતા કાર્યક્રમ Kaiser Permanente મેડિકલ ઑફિસ, હૉસ્પિટલ, ફાર્મસી અથવા Kaiser Permanente પ્રોવાઈડર દ્વારા પૂરી પાડવામાં આવતી તબીબી રીતે જરૂરી સંભાળને આવરી લે છે. જે આવરી લેવામાં આવી નથી તેવી સેવાઓમાં એવા પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે જે Kaiser Permanente પ્રોવાઈડર દ્વારા કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી મનાતી ન હોય તેવી સેવાઓ, બિનફળદ્રુપતાની સારવારો અને સરોગસી સેવાઓ તેમજ સ્વાસ્થ્યસંભાળ પ્રીમિયમોનો સમાવેશ થાય છે. કૃપા કરીને MFA નીતિમાં વધારે સંપૂર્ણ યાદી જુઓ.

**શું ભાષાની કોઈ સહાયતા છે?**

દુભાષિયાઓ તમને કોઈ ખર્ચ વિના ઉપલબ્ધ છે. તબીબી નાણાકીય સહાયતા અરજી, નીતિ અને આ નીતિનો સાર તમારી ભાષામાં ઉપલબ્ધ હોઈ શકે છે. વધુ માહિતી માટે 800-390-3507 પર કૉલ કરો અથવા kp.org/mfa/scal ખાતે અમારી વેબસાઈટની મુલાકાત લો.

**શું Kaiser Permanente નાણાકીય સહાયતા નીતિ ધરાવે છે?**

તમે 800-390-3507 પર કૉલ કરીને Kaiser Permanenteની તબીબી નાણાકીય સહાયતા નીતિની મફત નકલની વિનંતી કરી શકો છો, P.O. Box 7086, Pasadena CA 91109-7086 પર પત્ર લખીને અથવા kp.org/mfa/scal ખાતે અમારી વેબસાઈટની મુલાકાત લઈને નકલ મંગાવી શકો છો.

**મદદની જરૂર છે?**

મદદ માટે અથવા તબીબી નાણાકીય સહાયતા અરજી પ્રક્રિયાઓ વિશે પ્રશ્નો હોય તો કૃપા કરીને 800-390-3507 પર કૉલ કરો અથવા કોઈપણ Kaiser Permanente હૉસ્પિટલ ખાતે દાખલ થવાના વિભાગમાં નાણાકીય માર્ગદર્શક સાથે વાત કરો.

**હું કેવી રીતે અરજી કરી શકું?**

તમે ઘણી રીતે તબીબી નાણાકીય સહાયતા માટે અરજી કરી શકો છો -- રૂબરૂમાં કાર્યક્રમની વિનંતી કરીને અથવા તો નીચેનામાંથી કોઈપણ સ્રોતોમાંથી કાગળ પર અરજીની વિનંતી કરીને:

- કોઈપણ Kaiser Permanente હૉસ્પિટલ ખાતે દાખલ થવાના કે કટોકટી વિભાગમાં નાણાકીય માર્ગદર્શક
- કૉલ કરો 800-390-3507
- ટપાલ દ્વારા (વિના મૂલ્યે) P.O. Box 7086, Pasadena, CA 91109-7086
- kp.org/mfa/scal ખાતે Kaiser Permanente કમ્યુનિટિની વેબસાઈટ દ્વારા અરજી ડાઉનલોડ કરો.

કૃપા કરીને પૂરી થયેલી અરજીઓ (અરજીની સૂચનાઓમાં જણાવેલા બધા જરૂરી દસ્તાવેજો અને સૂચવેલી માહિતી સહિત) સૌથી નજીકની Kaiser Permanente હૉસ્પિટલ ઍડમિટિંગ અથવા ઈમર્જન્સી વિભાગને મોકલો

©2015 Kaiser Foundation Hospital;
Kaiser Foundation Health Plan, Inc.

અથવા અરજી આ સરનામે મોકલો: MFA Program, P.O. Box 7086, Pasadena, CA 91109-7086.

Kaiser Permanente સુપ્રત થયેલી અરજીઓની સમીક્ષા ત્યારે કરશે જ્યારે તે સંપૂર્ણ હોય અને નક્કી કરશે કે તમે Kaiser Permanente તબીબી નાણાકીય સહાયતા નીતિ પ્રમાણે લાયક છો કે નહીં. અધૂરી અરજીઓના પરિણામે તમારી MFA અરજીની પ્રક્રિયામાં વિલંબ થઈ શકે છે અથવા તે નકારવામાં આવી શકે છે પરંતુ Kaiser Permanente અરજદારોને જાણ કરશે અને જરૂરી અંતિમ તારીખ સુધીમાં ખૂટતા દસ્તાવેજો અથવા માહિતી મોકલવાની તક પૂરી પાડશે.

©2018 Kaiser Foundation Hospital;
Kaiser Foundation Health Plan, Inc.